આદિવાસી વિસ્તારમાં ઉત્પાદીત વસ્તુઓના બજાર વ્યવસ્થાપન પુરી પાડવા અંગેની યોજનાની બોલીઓ અને શરતો બાબત.

# ગુજરાત સરકાર

## આદિજાતિ વિકાસ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૬-૧૭/ન.બા.૩૯/ધ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૯/૦૩/૨૦૧૭

<u>વંચાણે લીધા</u> :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૧૬-૧૭/ન.બા.૩૯/ધ

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૨૯/૧૨/૨૦૧૬નો પત્ર ક્રમાંક નં.વવસ /ધિ.વા/ ન.બા.બ.જા.વ્ય./વશી

<u>ઠરાવ</u> :-

વંચાણે લીધા ક્રમાંકઃ (૧)ના ઠરાવમાં વધુ શરતો અને બોલીઓ ઉમેરીને તેની રૂપરેખા વિસ્તૃત કરવાની જરૂરીયાત હોઇ તે મુજબ આ યોજનાના વિસ્તૃત ફેલાવા માટેની જરૂરી બોલીઓ અને શરતો અંગે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે:

**આદિવાસી વિસ્તારમાં ઉત્પાદિત વસ્તુઓ માટે બજાર વ્યવસ્થાપન પુરૂ પાડવાની યોજના**

<u>( માર્કેટીંગ / સપોર્ટ સીસ્ટમ )</u>

આદિજાતિ વિસ્તારમાં ઉત્પાદિત ખેત પેદાશો, ગૌણવન પેદાશો, આદિજાતિ કલા-કારીગરીની ચીજવસ્તુઓ, પરંપરાગત હેન્ડીક્રાફ્ટ, હેન્ડલુમ, આદિજાતિ આર્ટ અને પેન્ટીગની વસ્તુઓના ઉત્પાદનની સાથે સાથે સમયાંતરે તેમાં મુલ્યવર્ધન તથા પોષણક્ષમ ભાવો માટે બજાર વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જરૂરી છે. હાલમાં ઉત્પાદિત વસ્તુઓને યોગ્ય બજાર વ્યવસ્થા કાયમી ધોરણે ન મળવાથી આદિજાતિ કુટુંબો પૂરતો આર્થિક લાભ મેળવી શકતા નથી. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં આદિજાતિ કુટુંબો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશ, હસ્તકલા કારીગરીની ચીજ વસ્તુઓ, પરંપરાગત આર્ટ અને ક્રાફ્ટની વસ્તુઓના પોષણક્ષમ ભાવો સાથે યોગ્ય બજાર વ્યવસ્થાપન મળી રહે, તેના માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિવાસી વિસ્તારમાં ઉત્પાદિત વસ્તુઓના બજાર વ્યવસ્થાપન માટેનું આયોજન નક્કી કરવામાં આવેલ છે.

(૧) <u>પૂર્વ ભૂમિકા</u>

- હાલમાં આદિજાતિ વિસ્તારમાં અનાજ, શાકભાજી તથા ગૌણવન પેદાશની વેચાણ વ્યવસ્થા ખેતબજાર ઉત્પન્ન સમિતિ (AMC) મારફત તથા ગૌણવન પેદાશ માટે બીજી એજન્સીઓ મારફત કરવામાં આવે છે.

પરંતુ પરંપરાગત હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ જેવી કે ભરતકામ, માટીકામ, મોતીકામ, વાંસકામ, છપકામ, વણાટકામ, (છોટાઉદેપુર) પીઠરો પેઈન્ટીંગ, વારલી પેઈન્ટીંગ, પપેટ મેકીંગ વિગેરેનું ઉત્પાદન થાય છે. પરંતુ તેના માટે હાલ કોઈ ચોક્કસ પ્રકારની માર્કેટીંગ સીસ્ટમ નથી જેથી કારીગરો તેમની ચીજવસ્તુઓનું નિયમિત વેચાણ કરી શકતા નથી. જેથી ઉત્પાદન પણ નિયમિત રીતે કરી શકતા નથી.

આવા કારીગરોની ચીજવસ્તુઓને ચોક્કસ બજાર વ્યવસ્થાપન પુરૂ પાડવા માટે આદિજાતિની વસ્તી ધરાવતા જીલ્લાઓમાં આવેલા પ્રોજેક્ટ કક્ષાએ ચીજવસ્તુઓના ખરીદ વેચાણ માર્ગદર્શન અને અન્ય જરૂરી સહાયતા માટે " ટ્રાયબલ હેન્ડીક્રાફ્ટ સેન્ટર " પ્રાયોજના કચેરીની દેખરેખ હેઠળ, માર્કેટીંગ મેનેજર અને મદદનીશ માર્કેટીંગ મેનેજર દ્વારા સંચાલિત કરવામાં આવશે.

ઉક્ત કેન્દ્ર કારીગરોને તેમની ચીજવસ્તુઓના વેચાણ માટે, ટ્રાન્સપોર્ટેશન માટે સહાયભૂત થશે. ઉપરાંત કારીગરોને તાલીમ, માર્કેટ ટ્રેન્ડ મુજબ ચીજવસ્તુઓની ડીઝાઈન માટે મદદ કરશે. કાચા માલની ઉપલબ્ધિ માટે પણ સહાય કરશે, રાજ્યના મોટા શહેરોમાં આવેલા વેચાણ કેન્દ્રો સાથે સ્થાનિક કારીગરોને સાંકળવાની કામગીરી કરશે.

હાલ પૂરતા આવા ૧૪ (ચૌદ) કેન્દ્રો ઉભા કરવામાં આવશે. જેના માટે પ્રોજેક્ટ / જીલ્લા કક્ષાએ એક દુકાન / ઓફિસ ભાડે લેવામાં આવશે. કેન્દ્રની કામગીરી હાલમાં હયાત સહકારી મંડળીઓને અને વીલેજ ઓર્ગેનાઈઝેશનને આ કામગીરીમાં સાંકળવાનું રહેશે.

" ટ્રાયબલ હેન્ડીક્રાફ્ટ સેન્ટર " પ્રાયોજના વહીવટદાર મારફત જીલ્લા વહીવટી તંત્રની મદદ લઈને આદિજાતિ વિસ્તાર્ની હયાત સહકારી મંડળીઓને ઉક્ત કામગીરીમાં સાંકળી લેશે અને સ્વતંત્ર રીતે ખરીદ

- વેચાણ અને ઉત્પાદન માટે પ્રોત્સાહન આપશે. જે વિસ્તારમાં સહકારી મંડળીઓ કાર્યરત ન હોય ત્યાં આદિજાતિ કારીગરોની મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

સહકારી મંડળીઓની સાથે સાથે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની હેઠળના સખી મંડળો, વીલેજ ઓર્ગેનાઈઝેશન તથા રસ ધરાવતી અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્ય માટે પ્રોત્સાહન આપી કાર્યરત કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત સર્વે કરીને કુલ કેટલા કારીગરો આ વ્યવસાય કરે છે તેની વિગતો મેળવી તાબાની કચેરીઓ પાસેથી બજારોની અદ્યતન જરૂરીયાતોને ધ્યાનમાં લઈ કરવામાં આવેલી દરખાસ્તોના અમલ માટે નિગમના બોર્ડની મંજુરી મેળવી તેવી દરખાસ્તો અમલમાં મુકવામાં આવશે.

(૨) <u>મુખ્ય હેતુઓ</u>

૧. બજાર વ્યવસ્થાપન સાથે જોડાણ ઉભું કરવું.

૨. આદિજાતિ હસ્તકલા અને કૃતિઓની ખરીદી અને ઉત્પાદનમાં સહયોગ કરવો.

૩. આદિવાસી વિસ્તારમાં હાટનું સંચાલન કરવું.

૪. વચેટીયાઓ દ્વારા થતા શોષણને અટકાવવું.

૫. સ્થાનિક કક્ષાએ સમુદાયિક સંસ્થાઓ, સહકારી મંડળીઓ, સખીમંડળોને મજબુત કરી ઉત્પાદિત વસ્તુઓને એકત્રીત કરવી, ગ્રેડીંગ, સંગ્રહ અને મુલ્યવર્ધન કરવું.

૬. મુલ્યવર્ધન અને પ્રોસેસીંગ માટે ક્ષમતા નિર્માણ કરવું.

૭. ઇકોટુરીઝમ સેન્ટરની નજીક આદિવાસી ફુડ કોર્ટ ઉભા કરવા.

૮. પરંપરાગત કારીગરોને તાલીમ આપી કુશળતાઓ વિકસાવવી.

૯. સ્થાનિક કક્ષાએ આદિવાસીઓની જરૂરીયાતોને ધ્યાને લઇને પ્રોસેસીંગ ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા.

૧૦. ઇ-માર્કેટીંગ દ્વારા આદિવાસી હસ્તકલાઓનું વેચાણની સુવિધા ઉભી કરવી.

૧૧. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન આદિજાતિ વિસ્તારમાં ઉત્પાદિત ચીજવસ્તુઓની ખરીદી માટે સહકારી મંડળીઓ, સખીમંડળો અને સૈચ્છિક સંસ્થાઓને પણ અધિકૃત કરવામાં શકશે.

(3) <u>પ્રવૃતિઓ</u>

આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ઉત્પાદિત ખેતી, વનગૌણ પેદાશો તથા હસ્તકલાઓના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ દ્વારા આર્થિક ઉત્થાન માટે નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.

૧. આદિજાતિ વિસ્તારમાં હસ્તકલા કારીગરોની ઓળખ તથા પરંપરાગત હસ્તકલાને પ્રમાણીત કરવી.

૨. આદિજાતિ કારીગરોની હસ્તકલાઓની ઓળખ અને દસ્તાવેજીકરણ કરવું.

૩. આદિજાતિ યુવક-યુવતીઓને હસ્તકલાનું હુન્નર આપી રોજગીરીની તકો ઉભી કરવી.

૪. ગૌણવન પેદાશોના કલેકશન અને બજાર વ્યવસ્થાપન ઉભું કરવા સહયોગ કરવો.

૫. ખેત ઉત્પાદનની વસ્તુઓ માટે બજાર વ્યવસ્થાપન ઊભુ કરવા સહયોગ કરવો.

૬. હસ્તકલા માટે ક્લસ્ટરો બનાવી વિકાસ કરવો.

૭. આદિજાતિ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને પ્રોત્સાહીત કરવી.

૮. પરંપરાગત કલામાં જરૂરી કુશળતા વિકાસ માટે તાલીમ દ્વારા મુલ્યવર્ધન કરવું.

૯. કારીગરોને ઉત્પાદન માટે જરૂરી માળખાગત સુવિધાઓ તથા સાધન સામાગ્રી માટે સહયોગ કરવો.

૧૦. કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને સુરક્ષિત સંગ્રહ અને યાતાયાત માટેની સુવિધાઓ વિકસાવવી.

૧૧. ઉત્પાદિત વસ્તુના પોષણક્ષમ ભાવો માટે યોગ્ય પ્રચાર-પ્રસાર કરવો અને કાયમી વેચાણ માટે મોબાઇલ વાન તથા જુદી જુદી એજન્સીઓ સાથે સંકલન કરી આઉટલેટ દ્વારા બજાર વ્યવસ્થાપનની સુવિધા ઊભી કરવામાં આવનાર છે.

૧૨. આ યોજનાના અમલથી આશરે ૧૦ લાખ આદિજાતિ લોકોને લાભ મળશે. જેમાં વન અધિકારી અધિનિયમ હેઠળના ૮૦ હજાર લાભાર્થીઓ, વન પર નિર્ભય ૨ લાખ લાભાર્થીઓ, આદિવાસી હસ્તકલાના ૧ લાખ કારીગરો, આદિવાસી ખેત ઉત્પાદન કરતા ૫ લાખ લાભાર્થીઓ, આદિજાતિ યુવાઓ ૧ લાખ લાભાર્થીઓ લાભાન્વીત થશે.

## (૪) યોજનાનું અમલીકરણ

આ યોજનાનો ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા પ્રાયોજના વહીવટદાર અને જીલ્લા તકેદારી અધિકારી મરફત અમલ કરવામાં આવશે. આ યોજનાના અમલ માટે કોર્પોરેશના ધ્વારા નીચે મુજબનું માળખું નિયત કરવામાં આવશે.

- ગ્રામ્ય કક્ષાએ વનગૌણ પેદાશ એકત્ર કરતા કુટુંબો અને હસ્તકલાના કારીગરોની સમિતિઓની રચના.
- તાલુકા કક્ષાએ જુદા જુદા હીતધારકોની સમિતિની રચના.
- જીલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારની અધ્યક્ષતામાં સમિતિની રચના.
- રાજ્ય કક્ષાએ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન યોજનાનો અમલ કરશે.

## (૫) વેચાણ વ્યવસ્થા

- હસ્તકલા કારીગરીની ચીજવસ્તુઓના વેચાણ માટે મોટા શહેરોમાં મુખ્યત્વે એસ.ટી ડેપો ખાતેના શોપીંગ મોલ, રેલ્વે સ્ટેશન, વિમાન મથક પર ગુજરાત સરકારના ઈન્ડેક્ષ - સી મારફત હસ્તકલાની દુકાનો ભાડે લઈ કારીગરોને તેમની ચીજવસ્તુઓના વેચાણ માટે આપવામાં આવશે.
- આ જગ્યા અંદાજે ૨૦૦ થી ૨૫૦ ચો.ફુટની રહેશે. હાલ પુરતા અંદાજે ૧૦ સ્થળોએ અમલ કરવામાં આવશે.
- અંદાજે એક દુકાન માટે માસિક રૂ. ૧૫,૦૦૦- ભાડું ખર્ચ કરવાનું રહેશે. પ્રથમ તબક્કે નિગમે ભોગવવાનું રહેશે.
- જુદી જુદી સંસ્થાઓ ધ્વારા આ અંગેની ડીઝાઇન પણ તૈયાર કરવામાં આવશે અને કારીગરોને તાલીમ આપવામાં આવશે.
- આ અંગે નવા કારીગરોને નિગમ તરફથી તાલીમ પણ આપવામાં આવશે.
- આ યોજનાના અમલમાં સહકારી મંડળીઓ અને સખીમંડળોને સામેલ કરવાં આવશે અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત થયેથી વેચાણ કેન્દ્રો તેમને સુપ્રત કરવામાં આવશે.

(૬) <u>બજેટ</u>

આ અંગેનું બજેટ નીચે મુજબનો અંદાજ રહેશે.

| | |
|---|---|
| ➢ સર્વે | ૨.૫ ટકા |
| ➢ પરૂચરણ ખર્ચ | ૧૫ ટકા |
| ➢ કેપેસીટી બિલ્ડીંગ | ૨.૫ ટકા |
| ➢ ડીઝાઇન ડેવલોપમેન્ટ | ૨.૫ ટકા |
| ➢ ઇન્ફ્રાસ્ટ્રેકચર ડેવલોપમેન્ટ | ૭૨.૫૦ ટકા |
| ➢ બ્રાન્ડીંગ માર્કેટીંગ એન્ડ પ્રમોશન | ૨.૫ ટકા |
| ➢ ટ્રાન્સપોટીંગ ખર્ચ | ૨.૫ ટકા |
| કુલ | ૧૦૦ ટકા |

(૭) <u>વહીવટી માળખું</u>

આ યોજના માટે નવી જગ્યાઓ ઉભી કરવાને બદલે હાલના વહીવટી માળખામાં ઉપલબ્ધ જગાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

ચાલુ વર્ષે આ યોજના માટે રૂ.૨૦૦.૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

આદિવાસી વિસ્તારમાં ઉત્પાદિત વસ્તુઓ માટે બજાર વ્યવસ્થાપન પુરૂ પાડવા અંગેની યોજના

આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૧/૬/૧૬ ના ઠરાવ ક્રમાંક-પરચ-૨૦૧૬-૧૭-ન.બા.૩૯/ધ સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં આદિવાસી વિસ્તારમાં ઉત્પાદિત વસ્તુઓના બજાર વ્યવસ્થાપન પુરી પાડવા અંગેની યોજનામાં રૂ. ૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. યોજનામાં લોનની રકમ પર વ્યાજ સહાય આપવાની રૂ. ૫૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૧૬-૧૭ માટે નાણાંકીય અને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આ યોજનાનો અમલ ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમ મારફત કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ સંદર્ભે યોજનાની બોલીઓ અને શરતો નીચે પ્રમાણે સુચવવામાં આવે છે.

(૮) <u>બોલીઓ અને શરતો :-</u>

(૧) આ યોજનાનો હેતુ આદિજાતિ વિસ્તારમાં ઉત્પાદિત ખેત પેદાશો ગૌણવન પેદાશો, આદિજાતિ કારીગરીની હેન્ડીક્રાફ્ટ હેન્ડલુમ, આદિજાતિ આર્ટ અને પેન્ટીંગ વસ્તુઓના ઉત્પાદનની સાથે સાથે સમયાન્તરે તેમાં મુલ્યવર્ધન પોષણક્ષમ ભાવો અને બજાર વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જરૂરી છે હાલમાં ઉત્પાદિત વસ્તુઓને યોગ્ય બજાર વ્યવસ્થા કાયમી ધોરણે ન મળવાથી આદિજાતિ કુટુંબો પૂરતો આર્થિક લાભ મેળવી શકતા નથી. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં આદિજાતિ કુટુંબો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશ હસ્તકલાઓ પરંપરાગત આર્ટ અને ગૌણવન પેદાશના એકત્રીત વસ્તુઓના પોષણક્ષમ ભાવો સાથે યોગ્ય બજાર વ્યવસ્થાપન મળી રહે તેના માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિવાસી વિસ્તારમાં ઉત્પાદિત વસ્તુઓના બજાર વ્યવસ્થાપન માટેનું આયોજન કરવાનું રહેશે.

(૨) આ યોજનાનો લાભ ફકત અનુસૂચિત જન જાતિના વ્યક્તિઓને મળવાપાત્ર થશે.

(૩) લાભાર્થી ગુજરાતમાં અગર આદિજાતિ વિસ્તારના કોઇ પણ સ્થળે પોતે કરેલ ઉત્પાદનનો માલ વેચાણ કરી શકશે..

(૪) લાભાર્થીની આવક મર્યાદા વાર્ષિક રૂ. ૨.૫૦ લાખની રહેશે.

(૫) લાભાર્થીએ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) અરજદારશ્રીએ બજાર વ્યવસ્થાપન અંગેની તાલીમ મેળવેલ હોય તેવા અને ન મેળવેલ હોય તો તેવા અરજદારે તાલીમ મેળવવાની રહેશે.

(૭) અરજદારે સ્વતંત્ર વ્યવસાય કરવાનો રહેશે. જુથ બનાવીને પણ પ્રવૃતિ કરી શકશે.

(૮) ઉપર જણાવેલ શરતો ઉપરાંત સરકારશ્રીને યોગ્ય લાગે તેવી અન્ય શરતો વખતો વખત રાખી શકશે.

(૯) આ અંગેનો ખર્ચ સદર ઠરાવની શરતોની જોગવાઇ મુજબ કરવાનો રહેશે.

(૧૦) આ યોજનાનું આમલીકરણ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા કરવામાં આવશે.

આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૩/૦૨/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- ➢ માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.કં.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.

---

➢ પત્ર દ્વારા